ડાંગમાં જર્જરિત વહીવટીતંત્રના પાયાનું ભ્રષ્ટાચારથી મજબૂતીકરણ?

## જનતા રેડ, કોન્ટ્રાક્ટરે રેતી નદીમાં ફેંકી

**અંબિકા** નદીના ઐતિહાસિક 'નંદીનાં ઉતારા' બ્રિજના પાયાના મજબૂતીકરણ માટે મંગાવાયેલી રેતી તદ્દન હલકી ગુણવત્તાની નીકળી

**બે** જાગૃત નાગરિકે સ્થળ તપાસ કરતાં વહીવટી તંત્ર હાલી ઉઠ્યું, અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની મિલીભગના આક્ષેપ સાથે કલેક્ટરને રજૂઆત


ગિરીશ ભોયે

સાપુતારાઃ સાપુતારા અને વઘઈને જોડતા આંતરરાજ્ય ધોરીમાર્ગ પર સ્થિત અંબિકા નદીના 'નંદીનાં ઉતારા' બ્રિજના સમારકામમાં મોટા પાયે ગેરરીતિ આચરવામાં આવતી હોવાનો પર્દાફાશ થયો છે. જિલ્લાના બે જાગૃત નાગરિકો મોતીલાલભાઈ ચૌધરી અને જમનાદાસ વાડુએ ભ્રષ્ટાચારના જીવતા જાગતા પુરાવા સાથે જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરતા રાજ્ય માર્ગ અને મકાન વિભાગ ડાંગમાં ફફડાટ વ્યાપી ગયો છે.

બે નાગરિક સાકરપાતળ ગામ નજીક અંબિકા નદી પર ચાલી રહેલા બ્રિજ રિપેરીંગના કામનું નિરીક્ષણ કરવા પહોંચ્યા, ત્યારે કોન્ટ્રાક્ટર દ્વારા બ્રિજના પાયાના મજબૂતીકરણ માટે જે રેતીનો ઉપયોગ કરવામાં આવતો હતો, તે અત્યંત હલકી ગુણવત્તાની અને માટી (યુક્ત) મિશ્રિત હતી. આ બાબતે સ્થળ પર હાજર કોન્ટ્રાક્ટરના સુપરવાઈઝર (S.O.)ને પ્રશ્ન કર્યો અને જવાબદાર ડેપ્યુટી એન્જિનિયરને સ્થળ પર બોલાવવા જણાવ્યું, ત્યારે અધિકારીઓએ આવવાની તસ્દી સુદ્ધાં લીધી ન હતી. અધિકારીઓએ ફોન પર જ કોન્ટ્રાક્ટરને સૂચના આપી દીધી હતી કે પુરાવા નાશ કરવા માટે તકલાદી રેતીને નદીમાં ફેંકી દેવી. નાગરિકોએ આ સમગ્ર ઘટનાના વિડિયો અને ફોટા પાડી લીધા હતા. અરજદારોએ કલેક્ટરને રજૂઆતમાં જણાવ્યું છે કે, જવાબદાર અધિકારીઓની આંખ નીચે કોન્ટ્રાક્ટરો આવું નબળું કામ કરી લોકોના જીવ જોખમમાં મૂકે છે. જો આજે અમે આ પકડી પાડ્યું ન હોત, તો અત્યાર સુધી થયેલું તમામ કામ આવું જ હોઈ શકે તેવું કેમ ન માનવું? તેમણે વધુમાં ઉમેર્યું કે, સાકરપાતળ ગ્રામ પંચાયતના સરપંચને પણ સ્થળ પર બોલાવી આ ધૂળવાળી રેતી બતાવવામાં આવી હતી, જેમણે પણ કામની ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા. બ્રિજ જ્યારે ભારે વાહનોના ભાર નીચે વાઈબ્રેટ થશે ત્યારે આવા નબળા મટીરિયલને કારણે પાયા ગમે ત્યારે બેસી શકે છે અને મોટી હોનારત સર્જાઈ શકે છે.

### કોન્ટ્રાક્ટરનું પેમેન્ટ અટકાવી જવાબદાર અધિકારી સામે કાર્યવાહી કરવા માંગ

જાગૃત નાગરિકોએ માંગ કરી છે કે જ્યાં સુધી ક્વોલિટી કંટ્રોલ વિભાગ આ કામની તટસ્થ તપાસ ન કરે અને રિપોર્ટ ફાઈનલ ન થાય ત્યાં સુધી કોન્ટ્રાક્ટરનું તમામ પેમેન્ટ અટકાવી દેવામાં આવે. સાથે જ, જે અધિકારીઓએ ફરજમાં બેદરકારી દાખવી છે અને કોન્ટ્રાક્ટરને છાવરવાનો પ્રયાસ કર્યો છે તેમની સામે ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવે.

### રેતી દૂર કરવાની સૂચના કોન્ટ્રાક્ટરને મેં જ આપી હતી: કાર્યપાલક ઈજનેર

આ બાબતે ડાંગ જિલ્લા રાજય ધોરીમાર્ગ વિભાગનાં કાર્યપાલક ઈજનેર કેતનભાઈ કુંકણાએ જણાવ્યું હતું કે સાકરપાતળ બ્રિજ રીપેર માટે ઇજારદાર દ્વારા ખરાબ રેતી ઉતારવામાં આવી છે, જેની જાણ જાગૃત નાગરિકોએ મને કરી હતી. આ જાણ થતા જ મેં તુરંત જ ઇજારાદારને રેતી દૂર કરવાની સૂચનાઓ આપી હતી અને ખરાબ મટીરીયલ ચલાવી લેવામાં આવશે નહીં તથા બ્રિજ જેવા સંવેદનશીલ સ્ટ્રક્ચર બાબતે બેદરકારો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## વાંકલ હત્યા કેસના આરોપી રણજીત નાયકાની ધરપકડ



વલસાડઃ ધરમપુર રોડ પર વાંકલ ગામે કૃણાલ નાયકાની હત્યાના કેસમાં પોલીસે આરોપી રણજીત નાયકાની ધરપકડ કરી લીધી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ કૃણાલ નાયકા પોતાની કૌટુંબિક સાળીને હેરાન કરનાર રણજીત નાયકાને સમજાવવા માટે ગયો હતો. આ દરમિયાન બંને વચ્ચે બોલાચાલી ઉગ્ર બની જતા રણજીતે ગુસ્સે ભરાઈને કૃણાલ પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા કૃણાલને તેના સાળા રાહુલ પટેલ તાત્કાલિક ધરમપુરની હોસ્પિટલ લઈ ગયા હતા,પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. પોલીસે રાહુલ પટેલની ફરિયાદના આધારે વાંકલ ગામના રણજીત જગન નાયકા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો. વલસાડ રૂરલ પોલીસે ઝડપી તપાસ કરી આરોપીને પકડી પાડ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડ બુધસભા દ્વારા બાઉલ ઉત્સવમાં સંગીત સાથે ચિત્ર પ્રદર્શન



વલસાડઃ સાહિત્ય, સંગીત અને પ્રકૃતિના સંવર્ધન માટે સર્જાયેલી બુધસભાની 11મા વરસની ઉજવણી અંતર્ગત વિશ્વ પ્રસિદ્ધ બાઉલ સંગીત પશ્ચિમ બંગાળના અંતરિયાળ વિસ્તારના બાઉલ સાધકો મારફત પ્રસ્તુત કરાયું હતું. જેમાં બાઉલ ગીતોનો મધુર કાફલો બંગાલના સંગીત વાદ્યો -ગોપીયંત્ર, ખંજરી, તબલાંની રંગતમાં રેલાયો હતો. આ કાર્યક્રમમાં બાઉલ સંગીતની સાથે સાથે Live Painting પણ બાઉલ સાધક દ્વારા રજૂ થયા હતા. અહીં અનેક નયનરમ્ય ચિત્રોનું પ્રદર્શન પણ યોજાયું હતું. વલસાડની ભૂમિ પર પ્રથમ વખત બાઉલ સંગીતનો કાર્યક્રમ બુધસભા વલસાડના નેજા હેઠળ મગોદના શાંતિ મંદિર ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં વલસાડના સ્થાનિક કલાપ્રેમીઓ સાથે અમદાવાદ, મુંબઈ, ઉમરગામથી પણ સંખ્યાબંધ લોકો જોડાયા હતા. બાઉલ સંગીત ઉત્સવમાં ગાયન, વાદન, નૃત્ય અને ચિત્રકલાનો કળામય સંગમ રહ્યો હતો.

### ગલકુંડના હાટ/ બજારમાં સરકારી યોજનાકીય સાહિત્યનું વિતરણ


ગિરીશ ભોયે

સાપુતારાઃ રાજ્ય સરકારનું પ્રકીર્ણ પ્રકાશન હાથોહાથ પહોંચી શકે તે માટે, ડાંગ જિલ્લા માહિતી કચેરી દ્વારા આજરોજ મંગળવારના રોજ આહવા તાલુકાના ગલકુંડ ગામે આયોજિત હાટ/બજારમાં ઉપયોગી સાહિત્યનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. ઈનચાર્જ સહાયક માહિતી નિયામક મનોજ ખેંગારના માર્ગદર્શન હેઠળ માહિતીકર્મીઓ સર્વ જિગ્નેશ ચોર્યા અને કરણ ભોયે દ્વારા સાહિત્ય વિતરણ સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓમા ઉપયોગી એવા 'ગુજરાત' પાક્ષિક તથા 'રોજગાર સમાચાર' સાપ્તાહિકના વિતરણ સાથે તેની ઉપયોગિતાની જાણકારી પણ, યુવા ગ્રામજનોને પૂરી પાડવામાં આવી હતી. સાથે માહિતી ખાતાની વોટ્સએપ ચેનલમાં જોડાવા માટેના QR કોડની વિગતો પણ ગ્રામજનોને પૂરી પાડવામાં આવી હતી.

### સરકારી વિનયન અને વાણિજય કોલેજ આહવામાં NSSનો શિબિર યોજાયો



ગિરીશ ભોયે

સાપુતારાઃ ડાંગ જિલ્લાની સરકારી વિનયન અને વાણિજય કોલેજ આહવા દ્વારા NSS નો સાત દિવસીય પ્રાથમિક શાળા ગોંડલવિહિર ખાતે ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. શિબિરના ઉદ્ધઘાટન સમારોહમાં ઉપસ્થિત તાલુકા શિક્ષણાધિકારી કલ્પેશભાઈ જે ચૌધરીએ એન.એસ.એસના સ્વયંસેવકોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, યુવાનોએ વ્યસન અને ડ્રગ્સ વગેરેથી દૂર રહીને રાષ્ટ્રની સેવા માટે સૌપ્રથમ તૈયાર થવા જોઈએ તેમને ઉડતા પંજાબ ફિલ્મનું ઉદાહરણ આપીને વ્યસન અને ડ્રગ્સ દુર રહેવા જણાવ્યું હતું. શિબિરના ઉદ્ધઘાટન પ્રસંગે કોલેજના આચાર્ય ડો.યુ. કે ગાંગુર્ડે દ્વારા એન.એસ.એસના સ્વયંસેવકોને રાષ્ટ્રીય સેવા માટે અને દેશના આઝાદી માટે બલિદાન આપી ચૂકેલા મહાત્મા ગાંધીજી, ભગતસિંહ અને એમના સાથીઓ રાષ્ટ્રના સેવા કાર્ય માંથી સ્વયંસેવકો રાષ્ટ્ર સેવા અંગે પ્રેરણા લેવા તેમજ યુવાનોને હંમેશાં રાષ્ટ્ર સેવા માટે તૈયાર રહેવા જણાવ્યું હતુ. વિજ્ઞાન કોલેજના આચાર્ય ડો.એ.જી ધારિયાએ સ્વયંસેવકોને સેવા શબ્દોની સમજૂતી આપી, સેવા ના પ્રકારો વિશે વિદ્યાર્થીઓને સમજાયું હતું.

### ગ્લોબલ વોર્મિંગ-ક્લાઇમેટ ચેન્જ વિષે બે દિવસીય કાર્યક્રમ યોજાશે

નવસારીઃ નવસારી શહેરની પ્રખ્યાત શ્રી સયાજી વૈભવ સાર્વજનિક પુસ્તકાલય દ્વારા ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઇમેટ ચેન્જ વિષયને કેન્દ્રમાં રાખીને શાળા અને વિદ્યાર્થીઓ દ્વારા કરાયેલી પ્રશંસનીય કામગીરીને બિરદાવવા માટે બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. બે વર્ષથી પુસ્તકાલય પર્યાવરણ જાગૃતિ માટે વિવિધ પ્રકલ્પો અને અભિયાન ચલાવી રહી છે. પુસ્તકાલયના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ, પર્યાવરણ સંરક્ષણ, ઊર્જા બચત અને પુન:ઉપયોગ જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર કામગીરી કરી છે, જેના કારણે નાગરિકોમાં પણ જાગૃતિ ફેલાઈ છે. આ પ્રકલ્પ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવશે. સાથે સાથે પર્યાવરણ પ્રત્યે નવી આદતો વિકસાવી ઉત્તમ કાર્ય કરનાર પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓને આચાર્ય સૌરભજી વાડિયા શ્રેષ્ઠ પુરસ્કાર આપવામાં આવશે. કાર્યક્રમ ૨૪ અને ૨૫ જાન્યુઆરીના રોજ નવસારી જુનાથાણા સ્થિત મતિયા પાટીદારો વાડી ખાતે યોજાશે.

## ગુજરાતભરમાં ધોળે દહાડે ઘરફોડ ચોરી કરતી ગેંગ ઝબ્બે

**મહારાષ્ટ્રીયન** ગેંગ બાઈક લઈને ગુજરાતમાં ઘૂસતી, દિવસે રેકી કરતી ને રાત્રે ચોરી. નવસારી ઉપરાંત રાજ્યભરમાં 9 ચોરીના ભેદ ઉકેલાયા



નવસારીઃ અલગ-અલગ શહેરોમાં આવી દિવસ દરમિયાન એપાર્ટમેન્ટના બંધ ફ્લેટોને ટાર્ગેટ કરી ઘરફોડ ચોરી કરનારી આંતરરાજ્ય ગેંગને નવસારી લોકલ ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડી છે. આ કાર્યવાહીથી નવસારી જિલ્લા ઉપરાંત સુરત શહેર, ભરૂચ અને આણંદ જિલ્લામાં થયેલા કુલ 9 ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે.

એલસીબીની ટીમને બાતમી મળી હતી કે કેટલાક આરોપીઓ ચોરાયેલા સોનાના દાગીના વેચવા સુરત તરફ જઈ રહ્યા છે. જેના આધારે એલસીબીની ટીમે નવસારી સીસોદ્રા બ્રિજ નજીક સર્વિસ રોડ પરથી બે આરોપીને ઝડપી લીધા હતા. જેમાં શાવેઝ દુલારે અનવર ખાન (ઉ.વ. 39), રહે. રૂમ નં.105, આયેશા એપાર્ટમેન્ટ, બુરહાન ચોક નજીક, સોપારા ગામ, નાલાસોપારા વેસ્ટ, તા. વસઈ, જી. પાલઘર (મહારાષ્ટ્ર) તથા મોન્ટુ ઉર્ફે મોનુ વિભૂતિ ઉર્ફે બબ્બુતી ચૌધરી (ઉ.વ. 36), રહે. એ-204, આનંદવિલા, કહલપાર્ક, વિરાર ઇસ્ટ, તા. વસઈ, જી. પાલઘર (મહારાષ્ટ્ર)નો સમાવેશ થાય છે. આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેઓ ખોટી નંબર પ્લેટ લગાવી બાઈક પર મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં પ્રવેશ કરતા, દિવસ દરમિયાન એપાર્ટમેન્ટના બંધ ફ્લેટોમાં રેકી કરી તાળા તોડી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરી કરતા અને બાદમાં ફરી મહારાષ્ટ્ર પરત જતા રહેતા. આરોપીઓએ નવસારી રૂરલ, જલાલપોર, બીલીમોરા, નવસારી ટાઉન, સુરત શહેરના રાંદેર અને ભેસ્તાન પોલીસ સ્ટેશન વિસ્તાર ઉપરાંત આણંદ અને ભરૂચ જિલ્લામાં થયેલી ઘરફોડ ચોરીઓની કબૂલાત કરી છે.

પોલીસે આરોપીઓ પાસેથી 20.900 ગ્રામ સોનાની લગડી, રૂ.75,000 રોકડ અને 3 મોબાઇલ ફોન મળી કુલ અંદાજે રૂ.3.69 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે આ ગેંગના અન્ય બે આરોપીઓ સાજીદ અકબરઅલી શેખ (રહે. વિરાર વેસ્ટ, પાલઘર) અને જતીન ઉર્ફે જીતુચુરી રમેશ પાટીલ (રહે. નાલાસોપારા, પાલઘર) હાલ ફરાર હોવાનું સામે આવતા તેમની ધરપકડ માટે પોલીસે સઘન શોધખોળ અને કાર્યવાહી તેજ કરી છે.

## અમદાવાદની ઘટના બાદ વલસાડની સ્કૂલોમાં એલર્ટ

**સ્કૂલની** બહાર વિદ્યાર્થીઓની હિલચાલ પર નજર રાખવા આચાર્યની લોકોને સૂચના

### અપશબ્દો કે હિંસક વર્તન કરનારા વિદ્યાર્થીઓના ફોટો પડી જશે

વલસાડની અનેક શાળાના વિદ્યાર્થીઓ જાહેરમાં અપશબ્દો બોલતા હોવાનું અને શિષ્ટાચાર ભૂલતા હોવાની વ્યાપક ફરિયાદ વખતો વખત ઉઠતી રહી છે. ત્યારે આવા વિદ્યાર્થીઓના ફોટો પાડી લેવા લોકોને અપીલ થઇ રહી છે. કોઇપણ સ્કૂલના વિદ્યાર્થીઓ જાહેરમાં અપશબ્દો બોલી બેહુદુ વર્તન કરતાં દેખાય અથવા તેઓ મારામારી કરતાં દેખાય તો એવા સંજોગોમાં તેના ફોટો પાડી અથવા વિડીયો ઉતારી તેમની સ્કૂલના કે ટ્યુશનના શિક્ષકોને તેની જાણ કરવાની અપીલ કરાઇ છે.

વલસાડઃ અમદાવાદમાં ધો.10 ના વિદ્યાર્થીઓની ગેંગવોરે સમગ્ર ગુજરાતના વાલીઓને હચમચાવી દીધા છે. અમદાવાદની આ ઘટના બાદ વલસાડના સ્કૂલ સંચાલકો એક્શન મોડમાં આવી ગયા છે. તેમના દ્વારા તેમની સ્કૂલમાં આવી ઘટના ન બને એ માટે તેમના દ્વારા સ્કૂલની બહારના દુકાનદારોને અને અન્ય લોકોને બાળકોની હિલચાલ પર નજર રાખવાની અપીલ થઈ રહી છે.

આવી ઘટના પોતાની સ્કૂલના વિદ્યાર્થી ઓ દ્વારા ન થાય એ માટે તેમના દ્વારા બાળકો પર નજર રાખવાની શરૂઆત થઈ ગઈ છે. જોકે, આ પ્રકારની એક્ટિવિટી તેમના દ્વારા છેલ્લા એક માસથી જ શરૂ થઇ હતી. જેના માટે બાળકોનું ગૃપ કાઉન્સિલિંગ પણ શરૂ કરાયું હતુ. બાળકોની માનસિકતા સુધારવા સેમિનારોનું પણ આયોજન કરાયું હતુ. ત્યારબાદ હવે તેમના દ્વારા સ્કૂલ બહાર નીકળી બાળકો શું એક્ટિવિટી કરે છે, તેની તપાસ કરાઈ રહી છે. જેના માટે તેમના દ્વારા આજુબાજુના દુકાનદારોને અને અન્ય રહીશોને પણ બાળકો પર નજર રાખવા અને કંઈ અઘટિત જોવા મળે તો તેની જાણકારી સ્કૂલ સંચાલકને આપવાની અપીલ પણ કરાઈ છે.

વલસાડમાં તિથલ રોડની સ્કૂલ તેમજ જૂના વલસાડની સ્કૂલોમાં ખાસ કરીને આ પ્રકારના એક્શન લેવાઈ રહ્યા છે.

શિક્ષણ વિભાગ દ્વારા ગતરોજની ઘટના પહેલાં જ સ્કૂલોને એક સર્ક્યુલર દ્વારા સજાગ રહેવા અને બાળકો નિયમમાં અને કાયદામાં રહે તેની તકેદારી રાખવાની સૂચના અપાઇ હતી. જોકે, એ સમયે સ્કૂલ સંચાલકોએ આ સર્ક્યુલરને ગંભીરતાથી લીધું ન હતુ. અમદાવાદની ઘટના બાદ વલસાડની કેટલીક શાળાના આચાર્યો અચાનક સક્રિય થઈ ગયા છે.

## નારગોલમાં બે બોટ માલિક સામે ગુનો દાખલ કરાયો

ઉમરગામઃ ઉમરગામ નારગોલ મરીન પોલીસને રવિવારે રાત્રે પેટ્રોલિંગ દરમિયાન ફિશરીશ વિભાગની વેબસાઈટ ઉપર ઓનલાઈન ટોકન મેળવવા માટે રજિસ્ટ્રેશન કર્યા વિના જ દરિયામાં માછીમારી કરવા ગયેલા હરિપ્રસાદ બોટ સંચાલક અંકિતભાઈ ક્રિષ્નાભાઈ માછી (ઉ.વ.40, રહે., નારગોલ) તથા જય જલારામ સાગર બોટ દશરથભાઈ હરીરામભાઈ માછી (ઉ.વ.56, રહે., નારગોલ બંદર) સામે ગુનો નોંધ્યો હતો.

ફિશરીસ વિભાગ દ્વારા ઈસ્યુ કરવામાં આવતું ટોકન મેળવ્યા વગર જ દરિયામાં માછીમારી કરવા જઈ પરત આવેલા હોય લાઈસન્સમાં જણાવેલી શરતોનો ભંગ કરવા અંગેની કાર્યવાહી કરી હતી.

## વલસાડમાં દારૂડિયાની ધમાલ




વલસાડઃ વલસાડ શહેરના સ્ટેડિયમ રોડ પર એક યુવાન ચિક્કાર દારૂના નશામાં ડ્રામા કરી રહ્યા હતો. તે આવતા જતા લોકો માટે અડચણ ઊભી કરી રહ્યો હતો. જેની જાણ સ્થાનિક દુકાનદારોએ 112 નંબર પર કરતાં પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે આવી ગઈ હતી. એ સમયે યુવાનના માથામાંથી લોહી વહી રહ્યું હતુ. આ યુવાન નશામાં ધૂત થઈ બાઈક પરથી પડી જતાં તેને માથામાં ઈજા પહોંચી હતી. જેના પગલે પોલીસે તેના સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કર્યો હતો.

## વલસાડમાં ઓવરબ્રિજના કામ દરમિયાન ટ્રેલર પલટ્યુ



વલસાડઃ વલસાડમાં ઓવરબ્રિજ તોડવાના કામ દરમિયાન સિમેન્ટ મિક્સિંગ ટ્રેલર પલટી મારી જતા દોડધામ મચી ગઈ હતી. જોકે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. વલસાડ ઓવરબ્રિજ તોડી તેના નિર્માણનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. એક તરફ જૂનો પુલ ખોદાઈ રહ્યો છે. જેના કારણે રસ્તો માટી વાળો બન્યો છે. બીજી તરફ તેના પાયાનું કાર્ય પણ ચાલી રહ્યું છે. ત્યારે તેના માટે માટી વાળા પોલા રસ્તા પર ગયેલું એક સિમેન્ટ મિક્સિંગ ટ્રેલર ત્યાં પડી ગયું હતુ.

**વિકાસમાં દુવિધા** નવસારીની આસપાસના વિસ્તારોમાં અનિયંત્રિત વિકાસ વધવાની ભીતિ, સમસ્યા વકરશે

## નોન-TP બ્લોક કન્વર્સન રદ, ખેડૂતો ખુશ, બિલ્ડરો નાખુશ

**હજુ** 1લી જાન્યુ.થી તો અમલ શરૂ કરાયો ને સરકારે યુ-ટર્ન મારી નિયમો પાછા ખેંચી લીધાં

**જમીન** માલિકો અને ખેડૂત વર્ગને મોટી રાહત, જો કે બિલ્ડરો, ડેવલપરો અને રોકાણકારોને મોટું નુકસાન

નવસારીઃ નવસારી શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં નૉન-ટી.પી. (ટાઉન પ્લાનિંગ વિહિન) વિસ્તારોમાં બ્લોક કન્વર્સનને લઈ અમલમાં મૂકાયેલા ધોરણોને રાજ્ય સરકારે રદ કરતાં શહેર તથા આસપાસના વિસ્તારોમાં નોંધપાત્ર અસર જોવા મળી છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા ૧ જાન્યુઆરી ૨૦૨૬થી અમલમાં આવેલા નિયમોને માત્ર થોડા જ દિવસોમાં પાછા ખેંચી લેવામાં આવ્યા છે. સરકારના આ નિર્ણયના મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યા છે. એક તરફ જમીનમાલિકો અને ખેડૂતોમાં રાહતની લાગણી છે, જ્યારે બીજી તરફ બિલ્ડરોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

સરકારી હુકમ અનુસાર નવસારી સહિત રાજ્યના વિવિધ શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારોમાં નૉન-ટી.પી. જમીન પર બ્લોક કન્વર્સન માટે કરવામાં આવેલી તમામ જોગવાઈઓ હવે અમલમાં રહેશે નહીં. સાથે જ, આ નિયમોના આધારે અગાઉ હાથ ધરાયેલી કોઈ પણ કાર્યવાહી તાત્કાલિક અસરથી રદ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

સરકારે આ નિર્ણય ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ લીધો હોવાનું હુકમમાં સ્પષ્ટ કર્યું છે. હુકમની નકલ નવસારી મ્યુનિસિપલ કોર્પોરેશન, નવસારી શહેરી વિકાસ સત્તામંડળ તેમજ સંબંધિત અધિકારીઓને મોકલી આપવામાં આવી છે.

નવસારીમાં બ્લોક કન્વર્સનના નવા ધોરણોને લઈને જમીન માલિકો, ખેડૂત વર્ગ તથા ડેવલપરોમાં ભારે ચર્ચા અને અસંતોષ જોવા મળ્યો હતો. સરકારના આ યુ-ટર્ન બાદ હાલ માટે અગાઉની સ્થિતિ યથાવત રહે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

### જમીન માલિકો અને ખેડૂત વર્ગને મોટી રાહત

નૉન-ટી.પી. વિસ્તારોમાં જમીન ધરાવતા નાના અને મધ્યમ જમીન માલિકો માટે આ નિર્ણય મોટી રાહતરૂપ સાબિત થયો છે. નવા ધોરણો હેઠળ બ્લોક કન્વર્સન પ્રક્રિયા વધુ જટિલ, સમયખાંઉ અને ખર્ચાળ બનતી હોવાથી સામાન્ય જમીન માલિકો મુશ્કેલીમાં મુકાયા હતા. હુકમ રદ થતાં હવે તેઓ અગાઉની સરળ પ્રક્રિયા મુજબ આગળ વધી શકશે.

### નાના બાંધકામ-વિકાસકાર્યોને વેગ મળવાની આશા જાગી

ઘર, દુકાન કે નાનાં વિકાસકાર્યો માટે મંજૂરી અટકી જતાં સામાન્ય નાગરિકો પરેશાન બન્યા હતા. નિયમો રદ થતાં આવા બાંધકામ તથા સ્થાનિક વિકાસકાર્યોને ફરી ગતિ મળવાની આશા ઊભી થઈ છે.

### નિયમનના અભાવે અનિયંત્રિત વિકાસ વધશે?

બીજી તરફ, નૉન-ટી.પી. વિસ્તારોમાં નિયંત્રણ લાવવાનો સરકારનો પ્રયાસ અધવચ્ચે અટકી જતા સુવ્યવસ્થિત શહેરી વિકાસને નુકસાન થવાની ભીતિ નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. યોગ્ય નિયમનના અભાવે નવસારી આસપાસ અનિયંત્રિત વિકાસ ફરી વધે તેવી શક્યતા પણ વ્યક્ત થઈ રહી છે.

### બિલ્ડરોને નુકસાન, અનિશ્ચિતતા વધતા રોકાણકારોમાં અસંતોષ

નિયમોને આધારે યોજનાઓ તૈયાર કરનારા ડેવલપરો માટે સરકારનો આ યુ-ટર્ન નુકસાનકારક સાબિત થયો છે. નીતિમાં વારંવાર થતા ફેરફારથી રોકાણકારોમાં અનિશ્ચિતતા વધતી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

### હવે સ્થાયી અને સંતુલિત નીતિ ક્યારે જાહેર થશે?

નવસારીમાં હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે નૉન-ટી.પી. વિસ્તારોના વિકાસ માટે સ્થાયી અને સંતુલિત નીતિ ક્યારે જાહેર થશે? નિયમ આવે અને થોડા સમયમાં રદ થાય તેવી સ્થિતિ લાંબા ગાળે શહેરના સુવ્યવસ્થિત વિકાસ માટે ઘાતક સાબિત થઈ શકે છે.

## ખેરગામના બહેજ ગામે કારમાંથી રૂ.2.70 લાખનો દારૂ ઝડપાયો

ખેરગામઃ ખેરગામ પોલીસે બાતમીના આધારે ખેરગામથી જામનપાડા માર્ગ ઉપર બહેજ તળાવ પાસે વોચ ગોઠવી, બાતમીવાળી કારને અટકાવી તપાસ કરતાં ડીકીમાંથી નાની મોટી વિસ્કી અને ટીન બિયરની કુલ બોટલ નંગ 766 કિં.રૂ. 2,70,450 મળી આવી હતી. પોલીસે પ્રકાશ ભગવાનરામ બિશ્નોઈની ધરપકડ કરી હતી. જ્યારે દારૂનો જથ્થો ભરી આપનારા સુરેશ ઉર્ફે ભરત ખીલેરી બિશ્નોઇ અને દારૂના જથ્થો મંગાવનાર રમાકાંત ઉર્ફે ચૂલબુલ પાંડે તુલસીરામ વર્મા (રહે સચિન-સુરત)ને વોન્ટેડ જાહેર કર્યા છે.

### -: જાહેર નોટીસ :-

મોજે : વેગામ તા.ગણદેવી જી.નવસારીની સીમમાં જુનો બ્લોક નં.૩૨૦ નો નવો બ્લોક નં. ૧૧૩૧ ક્ષેત્રફળ ૦-૨૨-૨૪ આકાર ૧૦.૦૫ જુનો બ્લોક નં.૪૧૮ નો નવો બ્લોક નં. ૧૧૩૭ ક્ષેત્રફળ ૦-૦૮-૦૯ આકાર ૩.૫૦ તથા પૈસા પૈકી વરાડે પડતો વાળી જુની શરતની ખેતીની જમીનના માલીક સરોજબેન તે શાંતિલાલ છોટુભાઈની વિધવા.વિગેરેના એ તેઓની સ્વતંત્ર માલીકીની તથા કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલ એ સદરહું જગ્યા ખરીદી કરવાના હોય. સદર ખેતીની જમીનના હમારી પાસે ટાઇટલ કલીયર સર્ટીફીકેટ મેળવવા માટે તમામ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. જેથી ઉપરોક્ત જમીનમાં અન્ય કોઈના કાંઈપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હક્ક, હિસ્સો, હિત, સંબંધ, ગણોત હક્ક, દરમેલ હક્ક, ખાધાખોરાકી યા લીયનનાં હક્કો યા ઈઝમેન્ટનાં હક્કો યા બેંક, મંડળી, સંસ્થા, રાજ્ય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય તો તેમણે આધારભૂત લેખીત પુરાવા સહિત આ નોટીશ પ્રસિધ્ધિ થયેથી દિન - ૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો નિયત સમયમાં કોઈપણ પ્રકારની રજુઆતો કરવામાં નહિ આવશે તો મુદત વિતે હમો ટાઇટલ કલીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરીશું. ત્યારબાદ ઉપરોક્ત જણાવેલ મિલકત અંગે ભવિષ્યમાં મિલકતનાં ટાઇટલ અંગે કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા વચકા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

મારી સુચનાથી, ફાલ્ગુની શાંતિલાલ

એરૂ ગામ, મોટાફળીયા, ટેકરી વિભાગ તા.જલાલપોર જી.નવસારી મોબા. નં. ૯૯૨૫૧ ૭૮૩૯૨

આશિષકુમાર એ. પટેલ
બી.કોમ.એલએલ.બી. (એડવોકેટ)


કોઈ આપે કોઈપણ સ્કીમ કે ભાવમાં ડીસ્કાઉન્ટ
સૌથી સસ્તુ તો આપે એક જ
આર. એ. પરીખ જ્વેલર્સ આંતલીયા, બીલીમોરા (પૂર્વ) મો. 9825558181
916 હોલમાર્ક HUID દાગીનાનો આજનો ભાવ
₹1,27,990 પ્રતિ 10 ગ્રામ